

# AI ટેક્નોલોજી કર્મચારીઓ કરતા મોંઘી છે!

**ટેક-ટોક**

★ આનંદ ગાંધી

એક તરફ AIના કારણે લાખો નોકરીઓ જોખમમાં છે. ભારતની જ વાત કરીએ ૨૦૩૦ સુધીમાં AIના લીધે ભારતમાં ૧.૮ કરોડ નોકરીઓ પર અસર પડી શકે છે. માર્સેલસ ઈન્વેસ્ટમેન્ટ કંપનીના એક અહેવાલ પ્રમાણે કંપનીઓ ઘણાં કામને ઓટોમેડ કરવામાં લાગી છે, જે પહેલા માણસો કરતા હતા. તેના કારણે નોકરીઓ પર જોખમ ખડું થયું છે.

જો આંકડાઓની વાત કરીએ, તો વૈશ્વિક સ્તરે મુખ્યત્વે ટેકનોલોજી, ફાયનાન્સ અને કસ્ટમર સર્વિસ સેક્ટરમાં સૌથી મોટી અસરો જોવા મળી છે. ૨૦૨૫ના આખા વર્ષ દરમિયાન વૈશ્વિક સ્તરે આશરે 1.25 લાખ જેટલા આઈટી કર્મચારીઓએ નોકરી ગુમાવી હતી. જ્યારે ચાલુ વર્ષે ૨૦૨૬ના શરૂઆતના ૫ મહિનામાં જ 93 હજારથી વધુ કર્મચારીઓની છટણી થઈ ચૂકી છે.

ટેક સેક્ટરમાં માઈક્રોસોફ્ટ, એમેઝોન, ઓરેકલ, ઈન્ટ્યુઈટ, કૉઈનબેઝ અને ફ્રેશવર્ક્સ જેવી દિગ્ગજ કંપનીઓ બચાવ કરે છે કે તેઓ AI આધારિત નવું માળખું તૈયાર કરવા માંગે છે એટલે વર્ક ફોર્સ ઓછો કરે છે. AI માળખું બનાવવું જરૂરી છે એમ કહીને કંપનીઓ કર્મચારીઓને પાણીચું પકડાવે છે ત્યારે પહેલીવાર કોઈ ટેક્નોલોજી એક્સપર્ટ કહે છે કે AI કરતા માણસો પાસે કામ કરાવવું સરળ અને સસ્તું પડે છે.

ટેકનોલોજીની ટોચની કંપની એનવીડિયાએ કહ્યું હતું કે AIથી અનેક નોકરીઓનો ભોગ લેવાશે તેવી દહેશત ભલે હોય, પરંતુ હકીકત એ છે કે કંપનીઓને AI ટેકનોલોજી કરતાં માણસ પાસે કામ કરાવવાનું જ સસ્તું પડે છે. AI ટેકનોલોજી અત્યારે એટલી મોંઘી છે કે એ ચલાવવા કરતાં કર્મચારીઓને પગાર આપવો વધારે ફાયદાનો સોદો છે. AI ટેકનોલોજીમાં રોકાણ વધ્યું છે, પરંતુ તેના પર હજુ કંપનીઓને ભરોસો બેસતો નથી.

એનવીડિયાના ઉપપ્રમુખ બ્રાયન કટનજારો માને છે કે AIની કોસ્ટ માણસથી ક્યાંક વધારે છે. એમઆઈટીના રિસર્ચને ટાંકીને તેમણે કહ્યું: ૨૩ ટકા વિઝન આધારિત ટાસ્કમાં AIનો ઉપયોગ ફાયદેમંદ છે. તે સિવાય ૭૭ ટકા કામોમાં માણસ જ સસ્તું કામ કરી શકે છે. મારી ટીમ માટે AI ટેકનોલોજી ચલાવવાનો ખર્ચ કર્મચારીઓના પગાર કરતાં ક્યાંય વધારે થાય છે.

આવી જ વાત ઉબરના સીટીઓએ પણ કરી હતી કે AI ટૂલ્સ ખરીદવામાં તેમનું બજેટ ખૂબ વધી ગયું છે. સમસ્યા માત્ર બજેટ વધી જવાની પણ નથી. ભરોસાની પણ છે. AI ટેકનોલોજી એરર વગર કામ કરશે એવો ભરોસો રાખી શકાતો નથી. AI ટૂલ ઘણીવાર એટલા ભરોસેમંદ હોતા નથી. એ ગંભીર છબરડા કરે છે. AI સિસ્ટમ માણસો સાથે ગેરવર્તન કરે છે એવા કિસ્સા તો સામે આવી જ રહ્યા છે.

મોર્ગન સ્ટેન્લીએ એક અહેવાલમાં કહ્યું હતું કે ટેકનોલોજી કંપનીઓએ આ વર્ષે AI અને તેને લગતી વ્યવસ્થા માટે ૭૪૦ અબજ ડોલરનો ખર્ચ કર્યો છે, જે એક જ વર્ષમાં ૬૯ ટકા વધારે છે. AI ટૂલ્સ મોંઘા હોવા છતાં કંપનીઓ એના તરફ ધ્યાન આપી રહી છે તેનું પણ જુદું કારણ છે. એવી વ્યાપક માન્યતા છે કે આગામી સમયમાં AI ટેકનોલોજી ૯૦ ટકા સુધી સસ્તી થઈ જશે.

**૨૩ ટકા વિઝન આધારિત ટાસ્કમાં એઆઈનો ઉપયોગ ફાયદેમંદ છે. તે સિવાય ૭૭ ટકા કામોમાં માણસ જ સસ્તું કામ કરી શકે છે. AI પર લાંબા સમય સુધી ભરોસો કરી શકાય તેમ નથી.**

અત્યારે વીજળીનો ઉપયોગ AI પાછળ ખૂબ થાય છે એટલે ટેકનોલોજી ખૂબ મોંઘી છે, પરંતુ વીજળીનો કંઈક યોગ્ય ઉકેલ આવશે ત્યારે ટેકનોલોજી સસ્તી થઈ જશે.

એવી ધારણા પણ છે કે AI ટેકનોલોજી આપતી કંપનીઓ પછીથી ઉપયોગ મુજબ ચાર્જ વસૂલશે એટલે ટેકનોલોજી સસ્તી થશે. અત્યારે AI ટૂલ્સ મોંઘાં હોવા છતાં ટેક કંપનીઓ એટલે AIમાં રોકાણ કરી રહી છે કે જ્યારે આ ટૂલ્સ સસ્તાં થઈ જશે ત્યારે વધારે સારી રીતે કામ કરી શકાશે.

છતાં જે રીતે વીજળી પાણીનો ધુમાડો AI પાછળ થાય છે એ જોતાં જોબ પ્રોફાઈલ ચેન્જ થશે, પણ કર્મચારીઓ વગર કોઈ કંપનીને ચાલવાનું નથી.

---

## ઉજાલે અપની યાદોં કે હમારે સાથ રહેને દો
## ન જાને કિસ ગલી મેં ઝિંદગી કી શામ હો જાયે

**- બશીર બદ્ર**

**કેફિયત**

★ હનીફ મહેરી



તમારા સ્મરણનો પ્રકાશ મારી સાથે રહેવા દો, કોને ખબર કઇ ગલીમાં જિંદગીની સાંજ થઇ જાય. જીવનની સાંજના સમયે ચારે તરફ અંધકાર છવાઇ જવાનો હોય તે સમયે પ્રકાશનો એક ઝબકારો પણ ખૂબ શાંતિ આપે તેવો હોય છે. કોઇ પ્રિયજનનું સ્મરણ કે તેની યાદ આવા પ્રકાશના ઝબકારાની ગરજ સારે છે. (ઉર્દૂ સાહિત્યમાં આ સદીના મોટા શાયર બશીર બદ્રનું ૨૮ મે ૨૦૨૬ના રોજ ભોપાલમાં અવસાન થયું. ૧૫ ફેબ્રુઆરી ૧૯૩૫ના રોજ ઉત્તર પ્રદેશમાં જન્મેલા આ શાયરના અનેક શેર જાણીતા છે. 'ઉજાલે અપની યાદોં કે...' આ શેર તેમની ઓળખ બની ગયો હતો. મરહૂમ બશીર બદ્ર તેમની શાયરીથી લોકોના દિલોમાં કાયમ અમર રહેશે.) જીવનની સફરમાં પણ આવા પ્રકાશના ઝબકારાની અંધેરા ઉલેચવા માટે જરૂર પડે. જિંદગીની સાંજ હોય ત્યારે તો માત્ર યાદોંની મહેફિલ જામે. ત્યારે આપણી પાસે સ્વજન- પ્રિયજન સાથે વિતાવેલી ક્ષણો જ યાદ રૂપે હોય. આ બધી પળો જ આપણા માટે મોંઘી જણસ સાબિત થાય. જીવનની સંધ્યાએ બીજું તો શું યાદ આવે? પ્રિયજનની જ યાદ આવે. કોઇ સ્વજનની યાદ આવે. કોઈની યાદનો આ મહિમા છે. માણસ જીવે છે ત્યાં સુધી કેટલાક પ્રસંગો, કેટલાક સ્વજનો કે કોઇ પ્રિયજનને યાદ કરતો રહે છે. સ્મરણની આ યાત્રા કયારે પણ પૂરી થતી નથી. જીવનના અંતિમ પડાવ સુધી માણસને યાદોનો સાથ રહેતો હોય છે. યાદ તેના જીવન માટે સંજીવની પુરવાર થતી રહે છે. જીવનના એક પડાવ પછી તો માત્ર યાદના સહારે જ જીવન આગળ વધતું રહે છે. આવી યાદ ઈશ્વરનું સ્મરણ પણ કરાવી જાય. જીવનની સંધ્યાનો સમય કયારે આવી જાય તે કોઇને ખબર હોતી નથી એટલે અંતિમ યાત્રા પહેલાં સ્વજનની યાદો જ તમારા જીવનમાં પ્રકાશ ફેલાવી શકે. સર્વશક્તિમાન ઈશ્વરનું સ્મરણ જ તમને અંતિમ સફરના અંધકારમાંથી મુક્તિ અપાવી શકે. કોઈની યાદ તમને આવા અંધકારમાં પ્રકાશના ઝબકારા જેવી લાગે ત્યારે માનવું કે તમારા માટે એ સ્મરણ ઈશ્વર સમીપ લઇ જતા કોઇ આધ્યાત્મિક જ્ઞાનથી ઓછું નથી. જીવનની ભાગદોડમાં જેને ભૂલી જઈએ પરંતુ જયારે જીવનની સંધ્યાનો સમય આવે ત્યારે તેવી યાદોનો કાફલો આપણી આસપાસ ફરી વળતો હોય છે. જે અંતિમ સમયમાં ઝળહળતા દીવાની જેમ છેલ્લી સફરને અંધકારથી બચાવે છે. પ્રકાશના ઝબકારાનો છેલ્લો અનુભવ કરાવે છે.